# બદલાતા ભારતીય સમાજમાં સાસુ-વહુના સંબંધોની નવી ભાષા

# સંઘર્ષથી સહયોગ તરફ



ફાયરવોલ
રાજ ગોસ્વામી

તાજેતરમાં એક્ટર અને ટેલિવિઝન હોસ્ટ અર્ચના પૂરન સિંહે એક વાત કહીને આજની પેઢીનું ધ્યાન એક મહત્વના સંબંધ તરફ આકર્ષિત કર્યું છે - સાસુ અને વહુ.

એક ઇન્ટરવ્યૂ દરમિયાન તેમણે કહ્યું હતું કે તેઓ તેમના બે દીકરાઓ આર્યમાન અને આયુષ્યમાનની સાથીદારો - યોગિતા બિહાની અને સમીક્ષા શેટ્ટી -ને દીકરીઓની જેમ સ્વીકારે છે. ‘પહેલાં મારે બે દીકરા હતા, હવે બે દીકરીઓ પણ છે,’ એમ તેમણે કહ્યું. ભાવી પુત્રવધુઓને પરિવારમાં સ્વીકારવા અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં અર્ચનાએ કહ્યું હતું કે તેમને પ્રેમ અને આદર આપવો એ કોઈ અસાધારણ ગુણ નથી, પરંતુ સહજ માનવીય સભ્યતાનું પ્રતિબિંબ છે. ‘એ બહુ અઘરું નથી. તમારે માણસાઈ રાખવાની હોય. તમે તમારા બાળકોને પ્રેમ કરો છો. તમારા બાળકો કોઈને જીવનસાથી તરીકે પસંદ કરે છે, એટલે તમે તેમને પણ પ્રેમ કરો. એમાં શું મોટી વાત છે?’ એમ અર્ચનાએ કહ્યું. પહેલી નજરે આ એક સામાન્ય પારિવારિક ટિપ્પણી લાગે. પરંતુ થોડું અટકીને વિચારીએ તો આ ભારતીય પરિવારની બદલાતી તસવીરનો સંકેત પણ છે. સવાલ એ નથી કે અર્ચનાએ શું કહ્યું. અસલી સવાલ એ છે કે શું આજની સાસુ ખરેખર તેની પરંપરાગત માનસિકતામાંથી બહાર આવી રહી છે? શું સાસુ-વહુનો સંબંધ જૂના ઢાંચામાંથી બહાર આવી રહ્યો છે, જેને દાયકાઓ સુધી ‘સાસ ભી કભી બહુ થી’ જેવી ટીવી ધારાવાહિકો, ફિલ્મો અને સામાજિક માન્યતાઓએ પ્રમાણિત કર્યો હતો? ‘તમારી દીકરી તો હવે અમારી દીકરી છે,’ એવું અનેક સાસુઓ જાન વળાવતી વખતે કહેતી આવી છે, પરંતુ નવા ઘરમાં એ ‘દીકરી’ના કેવા હાલ થાય છે, એ આખા સમાજને ખબર છે. અર્ચનાનું નિવેદન દીકરાની બાજુએ ઊભેલી એવી કોઈ બેઈમાન સાસુનું નથી. તે ભણેલી-ગણેલી, કામ કરતી, સ્વતંત્ર વિચારસરણી ધરાવતી અને આજની સફળ સ્ત્રીનું છે. તેની વાતમાં સચ્ચાઈનો એક રણકો છે.

ભારતીય સમાજમાં સાસુ-વહુનો સંબંધ કેવળ બે વ્યક્તિઓનો સંબંધ નથી રહ્યો. તે પરિવારની સત્તા, પરંપરા, જવાબદારીઓ અને અપેક્ષાઓનો સંબંધ રહ્યો છે. લગ્ન પછી એક છોકરી માત્ર નવા ઘરમાં પ્રવેશ કરતી નથી, પરંતુ એવી વ્યવસ્થામાં પગ મૂકે છે, જ્યાં તેણે સ્વયંને સતત સિદ્ધ કરવાની હોય છે. તેના બોલવા, ઊઠવા-બેસવા અને હસવા સુધીનાં પણ અલિખિત નિયમો હોય છે. સાસુ આ વ્યવસ્થાની રક્ષક માનવામાં આવે છે.

એટલા માટે જ આપણા લોકગીતોથી લઈને ફિલ્મો સુધીનાં લોકપ્રિય માધ્યમોમાં સાસુને અનુશાસન અને નિયંત્રણપ્રિય બતાવવામાં આવી છે. બીજી તરફ વહુ ત્યાગ, સમર્પણ અને પરીક્ષાનો પર્યાય બની ગઈ છે. આ સંબંધમાં પ્રેમ હતો તો પણ, તે કર્તવ્યના ભાર નીચે દબાયેલો રહેતો હતો.પરંતુ પાછલા બે-ત્રણ દાયકામાં ભારતીય સમાજ ઝડપથી બદલાઈ રહ્યો છે. આજની વહુઓ પહેલાંની જેમ કેવળ ગૃહિણીઓ નથી. તે ડૉક્ટર છે, એન્જિનિયર છે, ઉદ્યોગસાહસિક છે, પત્રકાર છે, મોડેલ છે, પાઇલટ છે. તેની પોતાની આર્થિક ઓળખ છે, સપનાં છે અને પોતાના સ્વતંત્ર વિચારો પણ છે, તે લગ્નને પોતાની સામાજિક ઓળખનું પ્રમાણપત્ર નહીં, પરંતુ જીવનની એક નવી શરૂઆત માને છે. આ બદલાવથી કેવળ વહુઓ જ નથી બદલાઈ, સાસુઓ પણ બદલાઈ છે. આજની અનેક સાસુઓ સ્વયં એ પેઢીમાંથી આવે છે, જેમણે અનેક સામાજિક બંધનોનો સામનો કર્યો હતો. તેમણે કારકિર્દી અને પરિવાર વચ્ચે સંતુલન બનાવવામાં મુશ્કેલીઓ અનુભવી હતી. તેમણે અનુભવ્યું હતું કે વધુ પડતું નિયંત્રણ કોઈ સંબંધને મજબૂત નથી બનાવતું, પરંતુ કમજોર કરે છે. એટલા માટે તેઓ તેમની વહુઓને એ જ સ્વતંત્રતા આપવા ઇચ્છે છે, જેની ગેરહાજરી તેમણે પોતે અનુભવી હતી. અર્ચનાને જ લો. તેમણે આ જ વાત કરી હતી: ‘મારી સાથે જેવું થયું છે, તેવું હું બીજા સાથે ન થવા દઉં.’ એ પણ સાચું છે કે આ બદલાવ ભારતના તમામ ઘરોમાં નથી આવ્યો. ભારત જેવો વિશાળ અને વિવિધતાથી ભરેલો સમાજ એકસાથે બદલાતો નથી. આજે પણ એવા અનેક પરિવારો છે, જ્યાં વહુઓની નિરાશાઓની યાદી બહુ લાંબી છે અને અધિકારોની બહુ ટૂંકી. આજે પણ કેટલાય ઘરોમાં નોકરી કરતી વહુ પસંદ કરવામાં આવતી નથી, અને એવાં પણ ઘરો છે, જ્યાં નોકરી કરતી વહુ પાસેથી ઓફિસ અને રસોડા - બંનેમાં સફળ થવાની અપેક્ષા રાખવામાં આવે છે. આજે પણ આધુનિક કપડાં પહેરવાને, મોડે સુધી બહાર રહેવાને અથવા પોતાના નિર્ણયો જાતે લેવાને શંકાની નજરે જોવામાં આવે છે.

અર્થાત્, શહેર આધુનિક હોઈ શકે, પરંતુ વિચારો હંમેશાં આધુનિક હોતા નથી. છતાં, એ માનવામાં કોઈ સંકોચ ન હોવો જોઈએ કે બદલાવ શરૂ થઈ ચૂક્યો છે. મહાનગરો અને શિક્ષિત મધ્યમવર્ગીય પરિવારોમાં હવે સંબંધોની ભાષા બદલાઈ રહી છે. ‘મારા દીકરાની વહુ’ને બદલે ‘અમારા પરિવારની સભ્ય’ જેવી માનસિકતા વિકસિત થઈ રહી છે. અધિકારની જગ્યાએ સંવાદ આવી રહ્યો છે. આદેશના સ્થાને સહયોગ આવી રહ્યો છે. પણ અહીં એક રસપ્રદ પ્રશ્ન ઊભો થાય છે: શું વહુને ‘દીકરી’ કહેવા માત્રથી બદલાવ સાબિત થાય છે? પહેલી નજરે આ સ્નેહપૂર્ણ લાગે છે, પરંતુ સમાજશાસ્ત્રીઓ કહે છે કે દરેક સંબંધની એક અલગ અને આગવી ઓળખ હોય છે. વહુ દીકરી નથી હોતી અને તેને દીકરી બનાવવાની પણ જરૂર નથી. તે તેના માતા-પિતાની દીકરી છે. નવા પરિવારમાં તેને તેની અલગ ઓળખ સાથે જ સ્વીકારવામાં આવવી જોઈએ. એટલે વધુ સારું તો એ છે કે વહુને દીકરીનું નામ આપવાને બદલે એક સ્વતંત્ર, સન્માનીય અને સમકક્ષ વ્યક્તિ તરીકે સ્વીકારવામાં આવે. સંબંધો નામથી નહીં, પરંતુ વ્યવહારથી બને છે. નવી પેઢીના છોકરાઓ આ પરિવર્તનમાં મોટી ભૂમિકા ભજવી રહ્યા છે. પહેલાં દીકરો મા અને પત્ની વચ્ચે મૂક દર્શક બની રહેતો હતો. આજે તે બંને સંબંધોને સમાન સન્માન આપવાનો પ્રયત્ન કરે છે. તે ઇચ્છે છે કે ઘર શક્તિ-પ્રદર્શનનું મેદાન ન બને, પરંતુ સહયોગનું કેન્દ્ર બને.

> **તેની પોતાની આર્થિક ઓળખ છે, સપનાં છે અને પોતાના સ્વતંત્ર વિચારો પણ છે, તે લગ્નને પોતાની સામાજિક ઓળખનું પ્રમાણપત્ર નહીં, પરંતુ જીવનની એક નવી શરૂઆત માને છે**


સોશિયલ મીડિયાએ આ પરિવર્તનને વધુ ગતિ આપી છે. આજે લોકો દુનિયાભરના પરિવારોને જુએ છે. તેઓ જાણે છે કે સન્માન અને પ્રેમ કેવળ ભારતીય સંસ્કારોની ભાષામાં જ નહીં, પરંતુ સમાનતા અને વ્યક્તિગત ગરિમાની ભાષામાં પણ વ્યક્ત કરી શકાય છે. નવી પેઢી એ સમજે છે કે કોઈપણ સંબંધને ટકાઉ બનાવવા માટે અધિકાર નહીં, વિશ્વાસ જરૂરી છે.

અર્ચના પૂરન સિંહની વાત એટલા માટે મહત્વની નથી કે તે એક પ્રસિદ્ધ એક્ટર છે. તે એટલા માટે મહત્વપૂર્ણ છે કારણ કે તેમણે સાસુ-વહુના સંબંધો માટે સૌથી સરળ સૂત્ર યાદ કરાવ્યું છે - ‘માણસાઈ રાખો.’

# સંસ્કાર અને સરકાર

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વિશ કોઠારી

સુજ્ઞ વાચકો મથાળામાં રહેલા બંને શબ્દો એકસાથે મૂકાયેલા જોઈને (પણ) સમજી જશે કે આ હાસ્યલેખ છે અને સરકારને સંસ્કાર સાથે સાંકળતું કોઈ પણ લખાણ હાસ્યલેખ જ હોઈ શકે. પરંતુ વર્તમાન સરકારના રાજમાં કટાક્ષપૂર્ણ અતિશયોક્તિ અને વાસ્તવિકતા વચ્ચેનું અંતર સદંતર ભૂંસાઈ ગયું છે. તેના કારણે સરકારના સમર્થકો બળાત્કારીઓને હાર પહેરાવતાં પહેરાવતાં ધર્મરક્ષણના અને સંસ્કારની ઠેકેદારીના દાવા કરી શકે છે અને તેમાં તેમને કે તેમના સમર્થકોને કશો વિરોધાભાસ લાગતો નથી. સંસ્કાર આમ પણ બહુ જાલિમ ચીજ છે. સામાજિક નિસરણીમાં ઉપર રહેલા થોડા લોકો બાકીની બહુમતીને અસંસ્કારી જાહેર કરી શકે છે. પ્રકૃતિ સાથે અનુકૂળતા સાધીને પાંચ-દસ હજાર વર્ષથી ટકી રહેલા આદિવાસીઓને બસો વર્ષમાં પૃથ્વીની ખાનાખરાબી કરનારા ‘સુધરેલા’ લોકો અસંસ્કારી માને છે. માણસ જેવા માણસને પશુવત્ ગણીને પશુઓને પૂજનારા લોકો પોતાની જાતને સંસ્કારી ગણીને પોરસાઈ શકે છે. ચોવીસે કલાક અને ત્રણસો પાંસઠે દિવસ ઝેરની ઉલટીઓ કરનારા તેમના આરાધ્યની રમૂજો થાય કે તેમને ગાળો પડે, ત્યારે વઘારનું મરચું નાકમાં ઘૂસી ગયું હોય એમ આકુળ-વ્યાકુળ થઈ જાય છે અને ‘સંસ્કાર, સંસ્કાર’નું રટણ કરે છે. સરકારને સંસ્કાર સાથે શી લેવાદેવા? એવો સવાલ પૂછાય તો પૂછનારને પાકિસ્તાન ચાલ્યા જવાની સલાહ આપવાને બદલે શાંતચિત્તે સરકારની સ્થિતિ વિશે વિચારવા જેવું છે. સરકારને બિચારીને પોતાનાં જ કેટકેટલાં કામ હોય! દેશભરમાં અબજો રૂપિયાના પ્રોજેક્ટ ચાલતા હોય અને બીજા અબજો રૂપિયાના પ્રોજેક્ટ શરૂ કરવા હોય. માંડ પૂરા થયેલા પ્રોજેક્ટોમાં દિવસો, અઠવાડિયાં કે બહુ તો મહિનામાં ગાબડાં પડવા માંડે અને સરકાર બિચારી તેનો દોષ ભાંગફોડિયાં તત્ત્વોને પણ ન આપી શકે. જરા વિચારો, ‘અમુક પુલ તૂટ્યો, તેની પાછળ સીઆઈએનો હાથ હોવાની શંકા’–આવું મથાળું બને તો સરકારને કેટલી રાહત પહોંચે! પરંતુ તેને બદલે કેટલાક લોકો સરકારના કામમાં ગોટાળા થાય તો સરકારનો વાંક કાઢે છે. એવું તે કંઈ હોય?



આ તો એક કામ. એ સિવાય કેટકેટલાં કૌભાંડ દબાવવાનાં હોય, કેટકેટલા ધારાસભ્યો-સાંસદોને ખરીદવાના હોય, કેટકેટલા કેસમાં ભૂલથી ન્યાય ન થઈ જાય તેનું ધ્યાન રાખવાનું હોય, અબજો રૂપિયા ખર્ચીને ચકચકિત બનાવેલી વડાપ્રધાનની છબીને લાગતા ડાઘ સતત જૂઠાણાંના વોશિંગ પાવડરથી ધોતા રહેવાનું હોય; એ સિવાય બધી એજન્સીઓને ‘છૂ...છૂ...’ કરીને વિરોધીઓની પાછળ છૂટી મૂકી દેવાની હોય; બંધારણીય સંસ્થાઓના માણસોનાં ગજવાં ભરીને તેમને પોતાના ગજવામાં રાખવાના હોય; ગમે તેમ કરીને ચૂંટણીઓ જીતી લેવાની હોય અને તે શી રીતે જીતાઈ તે ઢાંકી રાખવાનું હોય... અગાઉની કોઈ સરકારને આટલી કામગરી હતી? આટલું બધું કર્યા પછી સરકાર પાસે સંસ્કાર સાચવવાનો સમય રહે?

સરકાર આટલી કર્મઠ હોવા છતાં તેનું કોઈ એકેય કામ સરખું ન થાય, તો લોકો તેની ટીકા કરવા બેસી જાય. અરે ભાઈ, તેમાં સરકાર શી રીતે જવાબદાર કહેવાય? એ તો બિચારી લોકો માટે બધું કરતી હોય છે. એટલે કશું બગડે તો તેના માટે લોકો જવાબદાર ગણાય–કરોડોના ખર્ચે લોકાર્પણ ભલે વડાપ્રધાને કર્યું હોય. આ એવી સમજ છે, જે ભારતના લોકોને આવતાં વર્ષો નીકળી ગયાં. વર્તમાન સરકારના લોકો અગાઉ સરકારમાં ન હતા ત્યારે તેઓ પણ બધી વાતમાં સરકારનો જ વાંક કાઢતા હતા અને તેને ખરી લોકશાહી ગણતા હતા. પરંતુ એક વાર તેઓ સરકારમાં આવ્યા પછી તેમને જ્ઞાન લાધ્યું. કેટલીક બાબતોમાં માણસ એક વાર અંદર પેસે પછી જ તેને ખ્યાલ આવે ને? એટલે એક વાર પોતે સરકાર બન્યા પછી તેમને સમજાયું કે પુલો-રસ્તા તૂટે, સ્માર્ટ સિટી વરસાદના પાણીમાં ડૂબી જાય, મોંઘવારી-બેરોજગારી વધે, શિક્ષણ ખાડે જાય, વિદેશો સાથેના જૂના સંબંધો જોખમાય, શત્રુઓ વધુ તાકાતવાન બને, છતાં સરકાર શત્રુદેશનું નામ સુદ્ધાં લઈ ન શકે... આ બધામાં સરકારનો કશો વાંક ન ગણાય. એ બાબતોની જ્યારે પણ વાત નીકળે ત્યારે સરકારનો ઉલ્લેખ ‘બિચારી સરકાર’ તરીકે જ કરવો જોઈએ–એવો વટહુકમ હજુ સુધી નીકળ્યો નથી, એ જ નવાઈની વાત છે.

> **માંડ પૂરા થયેલા પ્રોજેક્ટોમાં દિવસો, અઠવાડિયાં કે બહુ તો મહિનામાં ગાબડાં પડવા માંડે અને સરકાર બિચારી તેનો દોષ ભાંગફોડિયાં તત્ત્વોને પણ ન આપી શકે**

જોકે, આવી બિચારી સરકાર કર્મઠ હોવાને કારણે સંસ્કારના મામલે બિચારી નથી. કોઈના ઘરનું ફ્રિજ ખોલીને અંદરથી ગોમાંસ નીકળ્યાના આરોપસર હત્યા કરનારાથી માંડીને બળાત્કાર કરીને યુવતીના દેહનો બારોબાર અગ્નિસંસ્કાર કરી નાખનારા, રમતગમતનાં ફેડરેશનોમાં યુવતીઓ સાથે દુર્વ્યવહાર કરનારા, બળાત્કારના ગુનામાં જેલની સજા ભોગવી રહેલા, આયુર્વેદ અને યોગના નામે સરકારની રહેમનજર હેઠળ અબજોનાં સામ્રાજ્યો ખડા કરનારા, મુસલમાનો વિશે સંસદમાં અપશબ્દો બોલનારા, દેશ 2014માં આઝાદ થયો છે એવી વાત કરનારા... આવા કેટકેટલી જાતના સંસ્કારરક્ષકોને આ સરકારે પાળ્યા-પોષ્યા અને આગળ કર્યા છે. કેટલીક વાર આવા મુદ્દે સરકારની ટીકા થાય, તો તે વેઠીને પણ સરકારે તેના નેતાઓને અને પાયદળને દેશના સંસ્કારરક્ષણ માટે જોતરેલું રાખ્યું છે.

સંસ્કાર માટે સરકાર એટલી પ્રતિબદ્ધ છે કે તેના સંસ્કાર-રક્ષણ કાર્યક્રમમાં ન્યાયતંત્ર પણ બને ત્યાં સુધી વચ્ચે પડતું નથી. બળાત્કારની સજા ભોગવતા બાવાને દર વખતે ચૂંટણી આસપાસ અને તે સિવાય પણ જામીન મળી જ જાય છે. આખરે, સંસ્કારનો સવાલ છે. વર્ષોથી સાતત્યપૂર્વક વર્તતી આવી સંસ્કારપ્રેમી સરકાર અગાઉ દેશને કદી મળી હતી? આવી સરકારના ગુણ ગાવાને બદલે તેની ટીકા કરવી અને વડાપ્રધાનની ટીકા કરવી, એ બિલકુલ ભારતીય સંસ્કાર નથી. એવું કરનાર નવી પેઢી, ઉર્ફે જેન ઝી,ની થાય એટલી ટીકા ઓછી છે.

## ઈશિતાનું અલકમલક

### આ તે કેવા ન્યાય - અન્યાય ને અધૂરા ન્યાય!

આજે દેશભરની બધી જ અદાલતોમાં એટલે કે સુપ્રીમ કોર્ટ સહિત ૨૫ હાઈ કોર્ટ અને બાકીની ડિસ્ટ્રિક્ટ કોર્ટસમાં કુલ મળીને લગભગ 5 કરોડ 64 લાખ કેસ પડતર પડ્યા છે એટલે કે પેન્ડિંગ છે, (આમાંથી સર્વોચ્ચ અદાલત એકલામાં તો 96 હજાર કેસ પેન્ડિંગ છે!) નવાઈની વાત એ છે કે પડતર કેસોમાંથી આશરે 1 લાખ 70 હજાર કેસ તો છેલ્લાં 30 વર્ષથી આખરી ચુકાદા વગર અદ્ધર લટકે છે. કોઈ પણ કારણોસર કેસ



લંબાતા જાય તેમ ન્યાય મોંઘો થતો જાય. આમાંથી કેટલા કેસ એટલા પુરાણા છે કે એ શરૂ થયા ત્યારે આજે સુપ્રીમ કોર્ટના જે 37 ન્યાયમૂર્તિ છે એમાંથી કોઈનો જન્મ સુદ્ધાં નહોતો થયો! કોઈ કેસ લંબાઈ જાય એનાં એક કરતાં વધુ કારણ હોઈ શકે પણ અહીં પીડાની વાત એ છે કે કોઈ કેસનો ચુકાદો આવે - આરોપી સજા સુદ્ધાં ભોગવી લે પછી જાણ થાય કે કહેવાતો આરોપી કે સજા ભોગવી ચૂકેલો કેદી સાવ નિર્દોષ હતો! આ હસી કાઢવા જેવી વાત નથી. તાજેતરમાં જ બહાર આવેલી આ હકીકત છે. ૧૯૭૭માં ઉત્તર પ્રદેશમાં એક હત્યાના કેસમાં ત્રણ આરોપીને હાઈ કોર્ટ દોષિત ઠેરવી જન્મટીપની સજા ફટકારે છે. એમાંથી સજા દરમિયાન બેનાં મોત થાય છે. એક કેદી જન્મટીપ ભોગવે છે એ દરમિયાન સુપ્રીમ કોર્ટે એને હમણાં 45 વર્ષ પછી નિર્દોષ જાહેર કરી જેલમુક્તિ આપી છે! આવા જ એક સમાંતર કેસનો ચુકાદો હમણાં જાહેર થયો છે. 20 વર્ષ પહેલાં પતિની હત્યા બદલ આરોપી ઠરેલી પત્નીને હમણાં જ મુંબઈ સેશન્સ કોર્ટે નિર્દોષ જાહેર કરી છે. આજે પત્નીની આયુ છે 68 વર્ષ! આવા પડતર કેસોને લઈને હમણાં ગુજરાત રાજ્યમાંથી પણ જે લેટેસ્ટ આંકડા આવ્યા છે એ પણ ચોંકાવનારા છે, જે અનુસાર : અહીંની વિભિન્ન કોર્ટના મળીને અંદાજે 17 લાખ કેસ પડતર છે . એમાંથી ત્યાંની હાઈકોર્ટમાં 1 લાખ 61 હજાર પેન્ડિંગ છે. એમાં 1 લાખ જેટલા કેસ મહિલાના છે અને 80 હજારથી વધુ કેસ સીનિયર સિટિઝન્સને લગતા છે. અહીં શાતા પહોંચાડે એવી વાત એ છે કે અગાઉની સરખામણીએ ગુજરાતમાં હવે ચુકાદા ઝડપથી આવતા જાય છે પરિણામે અહીં પેન્ડિંગ કેસની સંખ્યા ઘટી રહી છે! બીજી તરફ, કોલકોત્તા હાઈકોર્ટમાં એક કેસ એવો છે, જેની ગણના આપણા દેશના સૌથી જૂનામાં જૂના કેસ તરીકે થાય છે. છેલ્લાં 72 વર્ષથી આ મુકદમાની સુનાવણી હજુ સુધી ચાલુ હતી. સદભાગ્યે 1952માં દાખલ થયેલા આ કેસનો આખરી ચુકાદો તાજેતરમાં આવી ગયો છે. આ બધા વચ્ચે મહારાષ્ટ્રના ઉરણની અદાલતમાં એક કેસ છેલ્લાં 73 વર્ષથી ચાલે છે. જંગબહાદુર જોશી નામનો એક આદમી જાહેરમાં દારૂ પીતો ઝડપાયો હતો. પોલીસ કેસ થયો. જામીન મળી પછી એકાદ વાર સુનાવણી વખતે એણે હાજરી આપી. ત્યાર બાદ એવો ગાયબ થઈ ગયો કે કેસની સુનાવણી વખતે એ હાજર જ ન થાય. પોલીસ પણ એને આજની તારીખે શોધી નથી શકી. આખરે ખુદ નામદાર ન્યાયમૂર્તિ પણ ‘તારીખ પે તારીખ’ના ચક્કરથી એવા ત્રાસી ગયા કે એમણે એવું ફરમાન કર્યું છે કે જ્યાં સુધી પેલો‘દારૂડિયો’ આરોપી પોલીસને ન મળે (જિંદા યા મુર્દા!) ત્યાં સુધી આ 72 વર્ષ જૂના કેસની સુનાવણી હવે હાથમાં નહીં લે! આ સમાચાર સાંભળીને પેલા ‘દારૂડિયા’ આરોપીએ (જિંદા હશે તો!) અચૂક કહ્યું હશે: ‘ચિયર્સ’!

### સુપર સ્ટાર કાકાજીનો ‘ભૂત-સ્ટાર’ બંગલો!

તમને બધાંને હવે તો ખબર પડી ગઈ છે કે ‘ઈશિતા’નાં ચહીતાં એટલે કે પ્રિય પાત્રો કોણ કોણ છે...એક જ કુળ-એક જ જાતિ અને એક જ યોનિનાં એ પાત્રો છે. જી હા,એ છે પાત્રો છે : ભૂત -પ્રેત - ડાકણ - પિશાચ...ઈત્યાદિ ઈત્યદિ. આવા બધા અતૃપ્ત આત્માનો એક જ ધંધો હોય છે મૃત્યુલોકના જીવને ડરાવવા. આ લોકોની કથા- વાર્તા મોટાભાગે કપોળકલ્પિત હોય છે પણ ‘ઈશિતા’ને એમાંથી જ રહસ્યસભર ભય-રોમાંચ માણવા મળે છે એટલે ‘ઈશિતા’ આવા કિસ્સા શોધતી ફરે છે. એમાં એને આ અઠવાડિયે જ સુપર સ્ટાર રાજેશ ખન્નાનો એક કિસ્સો જાણવા મળ્યો. ના, આ ‘કાકાજી’નું ભૂત - પ્રેત ક્યાં ય અચાનક પ્રગટ્યું નથી પણ એના પેલા ફેમસ બંગલા ‘આશીર્વાદ’ વિશેની એક વાત જોર-શોરથી માર્કેટમાં ફેલાઈ છે. કોઈ હોંશીલા પત્રકારે વચ્ચે એક વેબસાઈટ પર એક લિસ્ટ વહેતું કરેલું જેમાં આમચી મુબઈનાં એવાં 19 ઘરની વાત હતી જયાં ભૂત ‘વસતા’ હતા. આ લિસ્ટમાં રાજેશ ખન્નાના ‘આશીર્વાદ’ બંગલાનો પણ ઉલ્લેખ હતો! રાજેશ ખન્નાની



ભૂત -પ્રતીક



રાજેશ ખન્નાનો બંગલો ‘આશીર્વાદ’

ઈચ્છા હતી કે એના નિધન પછી એ બંગલો એનું સ્મૃતિ-ઘર બને પણ પુત્રી ટીના અને જમાઈરાજ અક્ષય કુમારે એ બંગલો વેચી નાખ્યો. જેણે એ ખરીદ્યો એણે બંગલાને તોડીને ફરી ત્યાં નવો ખડો કર્યો પણ એ ‘રાજેશ-પ્રેમી’એ એનું નામ બદલ્યા વગર મૂળ ‘આશીર્વાદ’ યથાવત રાખ્યું. એ અરસામાં પેલું ‘ભૂતિયા ઘર’નું લિસ્ટ બહાર આવતાં ‘આશીર્વાદ’નું નામ શ્રાપિત - ભૂતિયા બંગલા તરીકે ખાસ્સું ખરડાયું. આવી ખોટી બદનામીથી ત્રાસીને ‘આશીર્વાદ’ના નવા માલિક અદાલત પહોંચ્યા અને બોમ્બે હાઈ કોર્ટે આ અઠવાડિયે ચુકાદો આપ્યો છે કે મીડિયા -યુટ્યુબ પર ‘આશીર્વાદ’ને હવેથી ‘શાપિત -કમનસીબ કે ભૂતિયો’કહીને બદનક્ષી નહીં કરી શકાય...! આ ચુકાદાથી નવા માલિક ઉપરાંત સુપર સ્ટાર રાજેશ ખન્ના ઉર્ફે ‘કાકાજી’ના દિવંગત આત્માને પણ પરમ શાંતિ મળશે... આની સાથે હવે જાપાનના એક લેટેસ્ટ ટ્રેન્ડ વિશે પણ જાણી લો. આપણે ત્યાં ‘ભૂતિયા’નું લેબલ દૂર કરવા કોર્ટે ચઢવું પડે છે પણ પાડોશી જાપાનમાં તો ‘ભૂત-પ્રેત’ના આવાસ સાથેના ઘર ધૂમ વેચાય છે! ‘ઊગતા સૂરજના’ આ દેશમાં હમણાં થયું છે એવું કે ત્યાં પ્રોપર્ટીના ભાવ બેફામ વધી જતાં જોઈતા બજેટમાં લોકો ઘર ખરીદી નથી શકતા તો બીજી બાજુ જપાની ભાષામાં ‘જિકો બુકેન’ તરીકે ઓળખાતા ‘અશુભ-ભૂત-પ્રેતવાળાં ઘરોની સંખ્યા સડસડાટ વધી રહી છે. આ જોઈને ત્યાંના અમુક એસ્ટેટ એજન્ટોએ વાણિયા બુદ્ધિ કામે લગાડીને ભૂતિયા કહેવાતાં ઘર પર તગડું ડિસ્કાઉન્ટ આપવાનું શરૂ કરી દીધું. પછી તો માર્કેટમાં એવો ઉછાળો આવ્યો કે પોતાના બજેટ કરતાં ય ‘સસ્તામાં નવુંનકોર ઘર મળી જતું હોય તો કહેવાતા ભૂત-પ્રેત -ડાકણ તેલ પીવા જાય’ એમ કહી ઘર શાંતિની પૂજા કરાવીને હવે લોકો ‘ભૂતપીડિત’ નવું ઘર વસાવવા પડાપડી કરે છે!

### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

- શરીરશાસ્ત્રના નિષ્ણાતોના કહેવા અનુસાર આખી જિંદગી દરમિયાન આપણે આશરે 2 લાખ 50 હજાર બગાસાં ખાઈએ છીએ. જો કોઈ 70 વર્ષ જીવવાનું હોય તો એ સરેરાશ રોજના 10 લાંબાં લાંબાં બગાસાં ખાશે.
- ગુજરાતના જૈન તીર્થધામ પાલીતાણામાં વિક્રમસર્જક 1000થી વધુ દેરાસર છે. આવો જ રેકોર્ડ ઈટાલીનું ઐતિહાસિક પાટનગર રોમ ધરાવે છે. ત્યાં આશરે ૯૦૦ જેટલાં ચર્ચ છે. એટલું જ નહીં, શિલ્પકળાના અદભુત પ્રતીકસમા 2 હજારથી વધુ ફુવારા પણ રોમ ધરાવે છે.

### ઈશિતાની એલચી

**તર્ક લડાવ્યા કરે એ બુદ્ધિવાદી ને તક ઝડપી લે એ બુદ્ધિશાળી!!**